ચાલુ ટ્રેક્ટરમાંથી પટકાતાં 18 વર્ષીય શ્રમજીવી યુવતીનું મોત

સુરત : પુણા-બોમ્બે માર્કેટ રોડ પર સફાઈ કામ માટે જઈ રહેલી 18 વર્ષીય શ્રમજીવી યુવતી ચાલુ ટ્રેક્ટરમાંથી નીચે પટકાતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. મળતી માહિતી મુજબ, ગોડાદરા શનિ મંદિર પાસે આવેલા માધવ બિલ્ડિંગમાં રહેતી 18 વર્ષીય ચંપા હાઉસિંગભાઈ ભુરીયા મજૂરી કામ કરતી હતી. આજે વહેલી સવારે ચંપા અન્ય કામદારો સાથે સફાઈ કામ માટે જઈ રહી હતી. ટ્રેક્ટર પુણા-બોમ્બે માર્કેટ રોડ પર ગોસાઈ ચોક પાસેથી પસાર થઈ રહ્યું હતું. ત્યારે ચંપા ડ્રાઈવરની બાજુમાં આગળ બેઠી હતી.

સભાસદ જોગ

''બનાસ અર્બન કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લિ.'' સુરતની ૩૩ મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૮.૦૯.૨૦૨૬ ને સોમવારના દિવસે સવારે ૧૧.૦૦ કલાકે સુરત વિશાલાડ વણિક જ્ઞાતિની વાડી, ગુજ્જર ફળીયા, હરીપુરા, સુરત ખાતે મળશે.

લિ. નરેશ ડી. શાહ
મેનેજીગ ડિરેક્ટરશ્રી

મોજે-પાલણપોરના સ.નં. ૮૫/૩, બ્લોક નં. ૧૩૫/અ, ટી.પી. સ્કીમ નં. ૯ (પાલણપોર-ભેંસાણ), ફા. પ્લોટ નં. ૫૧ વાળી જમીન પૈકી ૪૨૮, ૨૬ વણ-વહેંચાયેલ હિસ્સા અંગે એડવોકેટશ્રી જીનલ વી. કીબલીવાલાએ તેઓના અસીલ ભાવનાબેન નરોત્તમભાઈ વિગેરે મારફત પ્રસિધ્ધ કરાવેલ ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ વિરુધ્ધ જાહેર જવાબ

હમારા અસીલ વરજાંગભાઈ રાણાભાઈ જીલરીયા તરફે ઉપરોક્ત નોટીસના અનુસંધાને ખુલાસો કરવાનો કે :-

જી. સુરત, તા. **અડાજણ**, મોજે-**પાલણપોર**ના સ.નં. ૮૫/૩, બ્લોક નં. ૧૩૫/૧, ટી.પી. સ્કીમ નં. ૯ (પાલણપોર-ભેંસાણ), ફા. પ્લોટ નં. ૫૧ વાળી જમીન હમારા અસીલ **વરજાંગભાઈ રાણાભાઈ જીલરીયા**એ લખાણો તથા વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી છે અને સદરહુ જમીનમાં હમારા અસીલનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો ચાલી આવેલ છે અને સદરહુ જમીનમાં હમારા અસીલ પાક લેતા આવેલા. **ભાવનાબેન નરોત્તમભાઈ તથા પ્રવિણાબેન નરોત્તમભાઈ**નો કોઈ માલિકી હકક ચાલી આવેલ નથી, ફકત રેવન્યુ રેકર્ડના આધારે તેઓ વેચાણ કરવા ફરી રહ્યા છે અને રેવન્યુ રેકર્ડ બાબતે હમારા અસીલની અગત્યની તકરાર છે. સદરહુ જમીન બાબત દિવાની પ્રકરણો પણ પેન્ડીગ છે, તેમાં પણ **ભાવનાબેન નરોત્તમભાઈ તથા પ્રવિણાબેન નરોત્તમભાઈ**ના રેવન્યુ રાહે રેકર્ડમાં ચાલી આવેલ નામ બાબત તકરાર ચાલી આવેલ છે. સદરહુ જમીનનું કોઈ બ્લોક વિભાજન થયુ નથી. સદરહુ જમીન બાબત અનામી ખરીદનાર તરીકે કે ટાઈટલ કલીયરન્સ અંગે નોટીસ આપી હોય તે નોટીસ ઉપરથી સ્પષ્ટ થતુ નથી. આમ સદરહુ જમીનમાં કોર્ટ પ્રકરણમાં સંડોવાયેલી હોય અને મેટર સબ-જયુડીશ અને સદરહુ જમીનમાં **ભાવનાબેન નરોત્તમભાઈ તથા પ્રવિણાબેન નરોત્તમભાઈ**નો કોઈ માલિકી હકક પહોંચતો નહી હોય કે તેઓનો કોઈ પ્રત્યક્ષ કબજો પણ ચાલી આવેલ નહી હોય, જેથી તેઓ પાસેથી સદરહુ જમીન કોઇએ ખરીદવી નહી અને ખરીદશે તો તેઓને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહીં અને તેઓ વિરૂધ્ધ પણ હમારા અસીલે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે, જેની નોંધ લેશો. **તા.: ૧૫-૦૯-૨૦૨૬**

અમારી મારફતે,

જે. બી. ગોળવાલા, મીત જે. ગોળવાલા
હિતેશ ડી. ખાટીવાલા, બ્રિજેશ કે. પટેલ
(એડવોકેટસ્)
ઓફીસ : ૩૦૧-૩૦૨, સત્યમ કોમ્પલેક્ષ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

સહી/-
વરજાંગભાઈ રાણાભાઈ
જીલરીયા

बैंक ऑफ इंडिया
Bank of India BOI

ઝોનલ ઓફિસ : ઘોડદોડ રોડ,
પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

વૈકલ્પીક શાખા માટે જગ્યા જોઈએ છે

અમારી અહીં દર્શાવેલ શાખા પરિસર માટે ફકત ભોંયતળિયાની વૈકલ્પીક જગ્યા માટે લાંબા સમયના લીઝથી જોઈએ છે (૧) **સચીન શાખા (આશરે ૧૩૦૦ ચો.ફુટ), જી. સુરત (૨) આહવા શાખા (આશરે ૧૪૦૦ ચો.ફુટ)** જી.ડાંગ જેની વિગત અમારી વેબસાઈટ **www.bankofindia.co.in** ઉપર અને ઝોનલ ઓફિસ સુરત પરથી ઉપલબ્ધ છે. અરજી કરવાની **છેલ્લી તારીખ ૧૨.૧૦.૨૦૨૬** ના રોજ છે. રસ ધરાવતી પાર્ટીએ તેમની ઓફર નિયત ફોર્મેટમાં **તા.૧૨.૧૦.૨૦૨૬ ના રોજ અથવા તે પહેલા સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં** બંધ કવરમાં મોકલવાની રહેશે.

સુરત : ફોન : ૦૨૬૧-૨૨૭૨૮૭૮ । તા.૧૫.૦૯.૨૦૨૬ ડે.ઝોનલ મેનેજર, સુરત ઝોન

ટૂંકી મુદતની જાહેર નિવિદા
વર્ષ ૨૦૨૫-૨૬ :: જાહેર હરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરાજીથી ઇમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવીદાથી જાણ કરવામાં આવે છે કે,નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગંધોર ગામે ગ્રામ પંચાયત કચેરી - ગંધોર દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઇમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતિમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે.જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા રહેવું.

ક્રમ	અસ્કયામત અને ઈમલાની વિગત	જાહેર હરાજીની તારીખ	જાહેર હરાજીનો સમય	જાહેર હરાજીનું સ્થળ
૧	ગ્રામ પંચાયત મકાન ગંધોર તા. ગણદેવી	૧૯/૦૯/૨૦૨૬	બપોરે ૧૨:૦૦ કલાક	ગ્રામ પંચાયત હોલ ગંધોર તાલુકો - ગણદેવી જિલ્લો - નવસારી

જાહેર હરાજીની શરતો,બોલીઓ,નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત ગંધોર
તા. ગણદેવી, જિ. નવસારી

માહિતી/નવસારી/૩૦૬/૨૦૨૬

સરપંચ
ગ્રામ પંચાયત ગંધોર
તા. ગણદેવી, જિ. નવસારી

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

સિલ્વાસા શાખા, ૩૪૮/૩/૨, નિખીલેશ્વર, પ્રમુખદર્શન સામે, નારોલી રોડ, સિલવાસા, યુટી- દાદરા અને નગર હવેલી, પીન: ૩૯૬૨૩૦.

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, ઈંડિયન બેંક,ના અધિકૃત અધિકારી છીએ અને સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ કરજદાર, મોર્ગેજર **શ્રીમતિ શાંતિ દેવી અને શ્રી રમેશ કુમાર જોયા** ને અમારી સિલ્વાસા શાખા દ્વારા ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂ.૧૦,૧૩,૪૭૩.૦૫ (રૂપિયા દસ લાખ તેર હજાર ચારસો તોત્તેર અને પાંચ પૈસા પુરા) સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં રકમ પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર અને જામીનદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો કબજો તારીખ ૦૯/૦૯/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર અને જામીનદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલકત ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક, માટે બાકી પડતી રકમ રૂા.૧૦,૧૩,૪૭૩.૦૫ (રૂપિયા દસ લાખ તેર હજાર ચારસો તોત્તેર અને પાંચ પૈસા પુરા) જે તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજની બાકી અને તેની ઉપરનું વ્યાજ સહિતની રકમ જો કોઈ ચુકવણી કરેલ હોય તો તે બાદ કરતા બાકી રકમ ચુકવવા જણાવ્યું હતું.

અમે SARFAESI એક્ટની કલમ ૧૩(૮) અને તે અંતર્ગત ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓ તરફ તમારું ધ્યાન દોરીએ છીએ, જે તમારી મિલકતો (securities) પરત મેળવવાના તમારા અધિકારો સાથે સંબંધિત છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાક મિલકત ફલેટ નં. ૩૦૩, ''પદમાવતી એન્કલેવ'', ત્રીજો માળ, બિલ્ડીંગ એ-૧, (કારપેટ વિસ્તાર) માપ ૧૦૨૧ ચો.ફૂટ એટલે કે ૯૪.૮૫ ચો.મીટર્સ. જે સ્થિત બીન-ખેતી જમીનનો સર્વે નં. ૨/૨/૧, માપ ૦૦ હેકટર ૭૦ એકર, જે ગામ: ખાનવેલ યુ.ટી. ઓફ ડી એન્ડ ડી અને એનએચ એન્ડ ડી એન્ડ ડી-૩૯૬૨૩૦. જે મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ રહેણાક ફલેટ, દક્ષિણેઃ પેસેજ, પૂર્વેઃ મંડોની રોડ, પશ્ચિમેઃ ફલેટ નં. ૩૦૨

તારીખ : ૦૯/૦૯/૨૦૨૬
સ્થળ : સિલ્વાસા

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

વલસાડ શાખા, એપેક્ષ-એ,
આવા બાઈ હાઈસ્કુલ સામે, હાલર રોડ,
વલસાડ-૩૯૬૦૦૧

ડિમાન્ડ નોટીસ

તારીખ : ૧૨/૦૮/૨૦૨૬

ધી સીકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના કાયદાની કલમ ૧૩(૨) હેઠળની નોટીસ

(૧) શ્રી એડવીન કિરીટભાઈ ક્રિશ્ચિયન (કરજદાર અને મોર્ગેજર)
(૨) શ્રી ઈમેન્યુલ કિરીટભાઈ ક્રિશ્ચિયન (સહ-કરજદાર અને મોર્ગેજર)
બન્ને અહીંઃ સી.એસ. નં. ૧૩૩૬-૧૩૪૩, મ્યુનીસીપલ ઘર નં. ૪૪૫-૪૪૮, નવરંગ ફળિયુ, પીએચકયુ રોડ, મોગરા વાડી, જિલ્લો વલસાડ, ગુજરાત- ૩૯૬૦૦૧.
(૩) શ્રીમતિ રજવાડી પ્રિતિબેન સેમ્યુલ (સહ-કરજદાર અને મોર્ગેજર)
એ-૩૦, મંગલમ સોસાયટી, અંદાડા, કન્સીયા, ઓએનજીસી કોલોની, અંકલેશ્વર, જિલ્લો ભરૂચ, ગુજરાત- ૩૯૩૦૧૦.

વિષયઃ તમારી હોમ લોન ખાતા શ્રી એડવીન કિરીટભાઈ ક્રિશ્ચિયન અને શ્રીમતિ રજવાડી પ્રિતિબેન સેમ્યુલ અને શ્રી ઈમેન્યુલ કિરીટભાઈ ક્રિશ્ચિયન જે ઈન્ડીયન બેંક, વલસાડ શાખા સાથે.

આપે બેંક પાસે ધીરાણ લીધેલ લોનની રકમ ફેરચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છો જે રૂા.૨૬,૦૨,૫૬૯.૩૮ (રૂપિયા છવ્વીસ લાખ બે હજાર પાચસો અગણોસિત્તેર અને અડત્રીસ પૈસા પુરા) જે ઉપરાંત તા.૧૨/૦૮/૨૦૨૬ થી લાગુ ભવિષ્યના વ્યાજ સહિતની સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધીની બાકી રકમ.

આથી બેંકે તા.૧૨/૦૮/૨૦૨૬ ના રોજ કાયદાની કલમ હેઠળ રૂા.૨૬,૦૨,૫૬૯.૩૮ (રૂપિયા છવીસ લાખ બે હજાર પાચસો અગણોસિત્તેર અને અડત્રીસ પૈસા પુરા) જે તા.૧૧/૦૮/૨૦૨૬ ના રોજ ની બાકી નીકળતી રકમની તમારા દ્વારા ભરપાઈ કરવા માટે નોટીસ જાહેર કરેલ છે. જે નોટીસ આપને પોસ્ટ દ્વારા મોકલેલ પણ તે આપને મળ્યા વિના પરત આવેલ છે.

આ નોટીસ દ્વારા આપને જાણ કરવામાં આવે છે રૂા.૨૬,૦૨,૫૬૯.૩૮ (રૂપિયા છવ્વીસ લાખ બે હજાર પાચસો અગણોસિત્તેર અને અડત્રીસ પૈસા પુરા) જેની સાથે તા.૧૨/૦૮/૨૦૨૬ થી લાગુ વ્યાજ જે સંપૂર્ણ ચુકવણી થાય ત્યાં સુધીની બાકી રકમ આ નોટીસ પ્રસિદ્ધિના ૬૦ દિવસમાં ભરપાઈ કરી દેવા, જો તેમ કરવામાં કસુર થશે તો બેંક એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટના કાયદા હેઠળ કાર્યવાહી કરશે. બેંક હેઠળ ઉપર જણાવેલા કાયદા અને/અથવા હાલના કાયદા મુજબ આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

આ સાથે આપનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે સરફેસી એકટના કાયદા ૧૩(૮) અને નિયમ હેઠળ આપ સુરક્ષિત મિલકતોને પાછી લેવા માટેના અધિકારો ધરાવો છો.

આ નોટીસ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વગર અને જે હાલના DRT/RO ઓફ DRT/DRAT/કોર્ટ ની કાર્યવાહી પહેલાના અને હુકમ કરેલ કાર્યો હેઠળ કરવાની કાર્યવાહી / હુકમનામું મેળવ્યાના / મેળવ્યાની કાર્યવાહીના હકકો સહિત સુરક્ષિત લેણદાર માટે બહાર પાડવામાં આવી છે.

સુરક્ષિત મિલકતને લગતી મુખ્ય વિગતો ની તમામ જાણકારી નીચે આપેલ છે.

: મોર્ગેજ એસેટસ્નું વર્ણન :

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે મ્યુનીસીપલ ઘર નં. ૪૪૫-૪૪૮, સીએસ નં. ૧૩૩૬ થી ૧૩૪૩, જમીનનુ માપ ૧૫૨.૩૯ ચો.મીટર્સ. અને તેના પર જાણીતી બિલ્ડીંગ 'પ્રભુ કૃપા'', નવરંગ ફળિયુ, પોલીસ હેડ કર્વાટર, તાલુકો-જિલ્લોઃ વલસાડ, ગુજરાત. જે મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ સીએસ નં. ૧૩૪૪, દક્ષિણેઃ સીએસ નં. ૧૩૪૩/૧૩૩૫, પૂર્વેઃ અન્ય જગ્યાઓ, પશ્ચિમેઃ આંતરીક રસ્તો

તારીખ : ૧૨/૦૮/૨૦૨૬
સ્થળ : સુરત.

અધિકૃત અધિકારી,
(મુખ્ય પ્રબંધક, ઈંડિયન બેંક)

સાધારણ સભા

રણજીતનગર કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ. રજી.નં.ઘ.-૯૦૬૧ તા.૧૧/૦૨/૧૯૮૨ ઠે.: મગદલ્લા રોડ, સુરતનાની ખાસ સાધારણ સભા તા. ૨૭/૦૯/૨૦૨૬ રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે બી-૪૦૧ સ્વસ્તિક યુનિવર્સલ, વેલેન્ટાઈન થિયેટરની બાજુમાં, સુરત-ડુમ્મસ રોડ,સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં લગતા-વળગતા દરેક સભ્યોએ હાજર રહેવા વિનંતી છે.

નોંધઃ પોક્ષી તથા કુલમુખત્યારની જોગવાઈ સહકારી કાયદામાં નથી, જેથી દરેક સભાસદે જાતે હાજર રહેવું.

કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ સ્થળે અડધો કલાક બાદ ફરી મળશે.

પ્રમુખ/મંત્રી/કા.સભ્યો
રણજીતનગર કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે સુરત જીલ્લા નાં અડાજણ તાલુકાનાં મોજે ગામ ભેસાણ ના મુળ રે.સરવે નં. ૧૦૯, બ્લોક નં. ૧૮૮, ખાતા નં. ૪૭૮ થી નોધાયેલી ૬૪૭૫.૦૦ ચો.મી. જમીન માથી ટી.પી. કપાત ની ૨૫૯૦.૦૦ ચો.મી. જમીન બાદ કરતા બાકી રહેતી ૩૮૮૫.૦૦ ચો.મી. રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ જમીન (૧) ઇશ્વરભાઇ ધરમશીભાઇ માંગુકીયા, (૨) ગીરધરભાઇ મોહનભાઇ આસોદરીયા, (૩) જસમતભાઇ શંભુભાઇ વોરા, (૪) પારસભાઇ પોપટભાઇ પવાસીયા એ પોતાની માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા ના ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાનુ જણાવી અમારા અસીલ ને વેચાણ કરવાનું નકકી કરેલ. સબબ, સદરહું બીનખેતીની જમીન મીલકતમાં કોઇનાં કોઇપણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, અધિકાર કે કોઇપણ પ્રકારનું લખાણ કે બેંક યા નાણાંકીય સંસ્થા નો બોજો, લીયન વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન૭(સાત)માં પુરાવા, વાંધા સાથે લેખીતમાં અમોને અમારા અસીલ વતી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો નોટીસની મુદત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, હિત કે દર દાવો, હિત હિસ્સો રાઇટ યા ટાઇટલ ઇન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે, વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર બીનખેતીની જમીન મીલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારે તર-તકરાર, દર દાવો, ફરીયાદ ગ્રાહ્ય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઇપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. તા. ૧૫/૦૯/૨૦૨૬

૨૦૭, દીપ કમલ-૧,
સરથાણા પ્રાણી સંગ્રહાલયની બાજુમાં,
સરથાણા જકાતનાકા, સુરત-૩૯૫૦૦૬
મો. ૭૫૬૭૮ ૨૫૬૦૦

રોહીત આર કોટડીયા
તે ખરીદનાર ના એડવોકેટ

:: જાહેર નોટીસ ::

સુરત ડિસ્ટ્રીકટ મજુરા સબ ડિસ્ટ્રીકટ મોજે ગામ ડુમસના બ્લોક/સરવે નં.૩૧૦/૭/૩/બ/૧ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે. આરે.૦-૬૫-૨૨ ચો. મી. આકાર રૂા. ૬-૯૧ પૈ. થી નોંધાયેલ જમીન કે જેને ટી.પી.સ્કીમ નં.૭૮ (ડુમસ-ભીમપોર-ગવિયર) ના ફાઈનલ પ્લોટ નં. ૧૧૨/બી-૨/૨ આપવામાં આવેલ છે, તે વિગતની જમીનના રણજીતભાઈ બાલુભાઈ કુલ, સ્વતંત્ર અને સંપુર્ણ માલીક મુખત્યાર તેમજ પ્રત્યક્ષ કબજેદાર ચાલી આવેલા હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સબબ સદરહુ જમીન અંગે કોઈપણ વ્યકિતના હકક, હીત, હિસ્સા, દરદાવો, લાગભાગ હોય યા ઈઝમેન્ટના હકક હોય યા કોઈ સંસ્થા કે બેંકના બોજા હોય યા તો સદર જમીનમાંથી આવવા-જવાના હકક હોય તો તેઓએ તે અંગેના લેખીત પુરાવા સહિત હમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૧૦માં જાણ કરવી. મુદ્દત વિત્યા બાદ અમારા અસીલ તેવા હકક ન હોવાનું અને હોય તો તે જતા કરેલ હોવાનું માની મજકુર જમીન માલીક પાસેથી સદર જમીન અંગેનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, તેની આથી જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૧૫/૦૯/૨૦૨૬

નીતિન જે. મોદી | ધ્રુવા કે. ત્રિવેદી | દર્શિત મોદી
તે ખરીદનારના એડવોકેટસ.
ઓ. ૧૦૧, મા-વેણી ભુવન, અથુગર મહોલ્લો, નાનપુરા, સુરત.

જાહેર નોટીસ

નવસારી ડિસ્ટીકટના સબ-ડિસ્ટ્રીકટ તાલુકાઃ જલાલપોર, મોજેઃ મંદિર ના (૧) બ્લોક નં.૧૨૨૯ (પ્રમોલગેશન પહેલા બ્લોક નંઃ- ૧૦૮૭), ખાતા નંઃ- ૧૨૮૯, જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરેઃ- ૦-૮૮-૦૪ ચો.મી., આકાર રૂા.૧૦.૧૦ પૈસા (૨) બ્લોક નં.૧૨૨૩ (પ્રમોલગેશન પહેલા બ્લોક નંઃ- ૧૦૮૧), ખાતા નંઃ- ૧૨૮૮, જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરેઃ- ૦-૭૪-૦૭ ચો.મી., આકાર રૂા.૬.૯૫ પૈસા, (૩) બ્લોક નં.૧૨૨૪ (પ્રમોલગેશન પહેલા બ્લોક નંઃ- ૧૦૮૨), ખાતા નંઃ- ૧૦૪૯, જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરેઃ- ૦-૮૩-૦૧ ચો.મી., આકાર રૂા.૭.૮૦ પૈસા વાળી જુની શરતની ખેતી ની જમીનો ૧. સુભાષભાઈ અમૃતભાઈ પટેલ, ૨. વિજયભાઈ અમૃતભાઈ પટેલ, ૩. આશાબેન પ્રવિણભાઈ પટેલ, ૪. સંજય પ્રવિણભાઈ પટેલ, ૫. શિવાની પ્રવિણભાઈ પટેલ, ૬. કિંજલ પ્રવિણભાઈ પટેલ ના નામે ચાલી આવેલ છે. તેઓએ અમારા અસીલ ને સદર જમીન વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ ખેતી ની જમીનો બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો, તર-તકરાર, ગીરો, તારણ કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા-વિરોધ, અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ માં અમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદ્દલ વિત્યેથી કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો નથી અથવા હોય તો તે જતા કરેલ છે એમ માની અમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-વિરોધ, અવરોધ કે હરકત ચાલશે નહી અને જો કરશે તો તે આ જાહેર નોટીસથી રદબાતલ ગણાશે જેની જાહેર જનતાએ આ છેવટની નોંધ લેવી. તા. ૧૫/૦૯/૨૦૨૬

ભરત જે. ભરવાડ તે ખરીદનારના એડવોકેટ
ઓ.નં. ૧૮૧, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચારરસ્તા, તા. કામરેજ, જી. સુરત. મો. ૯૮૯૮૭૫૩૧૪૭

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ ડિસ્ટ્રીકટના મોજે ભેસ્તાનના રેવન્યુ સર્વે નંબર - ૧૨૦-બ, સીટી સર્વે વોર્ડ ભેસ્તાનના સીટી સર્વે નંબર ૧૪૮૯થી નોંધાયેલી જમીનમાં પાડવામાં આવેલાં પ્લોટો પૈકી પ્લોટ નંબર - ૮૫ ની સુમારે ૧૪૨.૧૫ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીન તથા તેને લાગુ કોમન રોડ રસ્તાની જગ્યાનું ક્ષેત્રફળ ૩૪.૮૫ સમ ચોરસ મીટર છે તે મળી કુલ ક્ષેત્રફળ ૧૭૭ સમ ચોરસ મીટરની મિલકત જીત અનિલ વાયલાની માલિકીની ચાલી આવેલ છે અને તેઓ પાસેથી મજકુર જમીન બબલી સંજય વર્મા ખરીદવા માંગતા હોવાથી અને તે અંગે મજકૂર મિલકત ઉપર ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાંથી લોન મેળવવા માંગતા હોવાથી તેના ટાઈટલ રીપોર્ટની માંગણી અમો પાસે કરવામાં આવેલ છે પરંતુ નીચે જણાવેલ વિગત ના અસલ દસ્તાવેજો ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાય છે.

અનુક્રમ નંબર	વિગત
૧.	ધર્મિષ્ઠાબેન રોહિતકુમાર ઉપાધ્યાયની તરફેણમાં થયેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૯૮૮૪ થી તારીખ ૨૬-૦૭-૧૯૯૦ ના રોજ નોંધાયેલ તે અસલ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી.
૨.	પરિતોષ યોગેશકુમાર દેસાઈ તરફેણમાં થયેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૧૧૭૪૮ થી તારીખ ૧૯-૧૧-૧૯૯૧ ના રોજ નોંધાયેલ તે અસલ દસ્તાવેજ તથા તેની રજીફી ભર્યાની અસલ પાવતી.

જેથી ઉપર મુજબના અસલ દસ્તાવેજો જે કોઈના કબજામાં હોય તો તેઓએ તેની ખાત્રી તે અંગેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે સહી કરનારને કરાવવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહિ કે ખાત્રી કરાવી આપવામાં આવશે નહી તો હરકોઈનો મજકૂર મિલકતમાં કોઈપણ પ્રકારનો હકક હિત હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહિ હોવાનું અને હોય તો તે છોડી દીધા હોવાનું ગણી સદરહુ મિલકતનો ટાઈટલ રિપોર્ટ આપવામાં આવશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી. તારીખ:૧૫-૦૯-૨૦૨૬

જયવદન બી. જરીવાલા એડવોકેટ
ઓફિસ : જરીવાલા એસોસીએટ, ૨૨૦, મલ્ટીસ્ટોરીયેડ બિલ્ડીંગ,
સીંગાપુરી વાડી, રૂસ્તમપુરા, સુરત. મો.ન. :-૯૮૨૫૧-૪૬૦૯૦

સુરત, તા. બારડોલી, મોજે સરભોણના બ્લોક નં. ૧૨૮ વાળી ખેતીની જમીનના ટાઇટલ રીપોર્ટ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, તા. બારડોલી, મોજે સરભોણ, જુના સરવે નં. ૧૧૧/૧, બ્લોક નં. ૧૨૮ જેનું ક્ષેત્રફળ હે.આરે ૦-૪૪-૫૨ ચો.મી., આકાર રૂા. ૪-૫૦ પૈસા છે તે ખેતીની જુની શરતની જમીનના રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ (૧) જશુબેન તે જેઠાભાઈ અંબારામની વિધવા (૨) પ્રવિણાબેન તે જેઠાભાઈ અંબારામ વાઘેલાની દિકરી અને નંદકિશોર મોહનભાઈની ધણીયાણી તથા (૩) તરૂણ જેઠાભાઈ વાઘેલા નાઓ રહેલા છે. અને મજકુરોએ સદરહુ ખેતીની જમીન પોતાની સંપુર્ણ સહમાલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટા અને વહીવટની હોવાનું જણાવી તથા તમામ પ્રકારના બોજાઓથી મુકત હોવાનું તથા અગ્રહકકધારીના અસલ રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૧/૧૯૮૨ તથા રજી. ફી ભર્યાની રસીદ અસલ ગુમ/ગેરવલ્લે થયેલ હોવાનુ જણાવી હમો પાસેથી ટાઈટલ રીપોર્ટ અંગેની માંગણી કરેલ છે. સબબ, આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ જમીન અંગે અને/અથવા ગુમ/ગેરવલ્લે થયેલ અસલ દસ્તાવેજો અન્વયે કોઈના કાંઈપણ હકક, હિત, સંબંધ, દરદાવા, કલેઈમ હોય કે આવવા-જવાના ઈઝમેન્ટ હકક, વારસાઈ હકક, ગણોત હકક કે વેચાણ રાખવાના સાટાખતના હકકો હોય કે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળશે નહીં તો મુદત વિત્યે સદરહુ ખેતીની જમીન અંગે કોઈના કોઈપણ પ્રકારના હકક-દાવા કે કલેઈમ કે વાંધા નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ ગણી સદરહુ ખેતીની જમીન અંગે ટાઈટલ રીપોર્ટ આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહીં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

ઓ : એમ-૧૫, સાર કોર્પોરેટ સેન્ટર,
શાસ્ત્રીનગર, ઉધના મેઈન રોડ, ખટોદરા, સુરત
મો.નં.૮૫૧૧૧૫૧૧૪૦.તા.૧૪/૦૯/૨૦૨૬

ભાવિક જે. પટેલ
એડવોકેટ

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

નંદીની કોમ્પલેક્ષ શાખા : નંદીની કોમ્પલેક્ષ, સયાજી રોડ, નવસારી- ૩૯૬૪૪૫ મો.નં. : ૯૬૮૭૬૮૦૭૫૧,
Email : navsgl@bankofbaroda.com

પરિશિષ્ટ- ૪ (જૂઓ રૂલ ૮(૧) કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે સત્તા હેઠળ વંચાણે લઈ **તા.૧૦.૦૨.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/ગીરવેદાર શ્રી શંકરલાલ ગંગારામ પટેલ અને સહ-દેવાદાર/સહ-ગીરવેદાર શ્રીમતી કૈલાશબેન શંકરલાલ પટેલ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૪,૦૩,૯૫૪.૩૧ (અંકે રૂા. ચૌદ લાખ ત્રણ હજાર નવસો ચોપ્પન અને એકત્રીસ પૈસા પુરા) તા.૦૯.૦૨.૨૦૨૬ ના રોજ(તા. ૦૮.૦૨.૨૦૨૬ સુધીનું વ્યાજ સહિત)** અને તેના ઉપરનાં વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે સત્તા હેઠળ વંચાણે લઈ **તા.૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૪,૦૩,૯૫૪.૩૧ (અંકે રૂા. ચૌદ લાખ ત્રણ હજાર નવસો ચોપ્પન અને એકત્રીસ પૈસા પુરા) તા.૦૯.૦૨.૨૦૨૬ ના રોજ(તા. ૦૮.૦૨.૨૦૨૬ સુધીનું વ્યાજ સહિત)** અને તેના ઉપરનાં વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધીન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'શીવાલય કોમ્પલેક્ષ' ના મલ્ટીસ્ટોરેજ બિલ્ડીંગ ના નામે જાણીતી વિંગ 'એ', વિંગ 'બી', અને વિંગ 'સી', પૈકી સહિત વિંગ 'બી' ના ૪થા માળનો ફલેટ નં. ૪૦૧, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૧૦૫.૨૦ ચો.મી અને બિલ્ટઅપ એરીયા માપ ૬૮.૪૦ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૨૫૭/૩-એ/૧-એ/ પૈકી ૧ (એટલે નવો બ્લોક /સર્વે નં. ૧૧૧૮૮) કુલ એન જમીન માપ ૧૨૩૩.૭૫ ચો.મી નવસારી- વિજલપોર મ્યુનીસીપલ ઘર નં. ૧૯૯૨/૦ નો વોર્ડ નં. ૩, વણવહેચાયેલ હિસ્સા ૧૬.૨૩ ચો.મી એટલે ૧/૭૬ કુલ જમીન વિજલપોર, તા. અને જી.નવસારી ખાતે **શ્રી શંકરલાલ ગંગારામ પટેલ અને શ્રીમતી કૈલાશબેન શંકરલાલ પટેલ** ની સંયુક્ત ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : સંલગ્ન ફલેટ નં. બી-૪૦૪, **પશ્ચિમ તરફ** : સંલગ્ન ફલેટ નં. એ-૪૦૪, **ઉત્તર તરફ** : દાદર અને પેસેજ, **દક્ષિણ તરફ** : ઓ.ટી.એસ રોડ આવેલ છે.

તા. ૧૩.૦૯.૨૦૨૬ । સ્થળ : નવસારી ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, નંદીની કોમ્પલેક્ષ શાખા.

ટાઈટલ કલીયરન્સ બાબત જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ તાલુકા ચોર્યાસીના મોજે **સીમાડા**નાં રેવન્યુ સર્વે નંબર ૮/૩/અ, બ્લોક નં.૨૭ થી નોંધાયેલ જમીનમાં આયોજીત **શાંતિ નિકેતન સોસાયટી**માં આવેલ **પ્લોટ નં. ૭, પાર્સીંગ પ્લાન મુજબ એ-૭** વાળી મિલકત **ઘનશ્યામભાઈ કુરજીભાઈ બોરડ** નાંઓની સંપૂર્ણ માલિકી-ભોગવટાની ચાલી આવેલ છે. તેઓએ અમારા અસીલ બેંક કને લોન મેળવવા અરજી કરેલ છે અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. પરંતુ, તેમના જણાવ્યા મુજબ, સદરહું મિલકત બાબત રજી. વેચાણ દસ્તાવેજ નંબર **૧૨૬૮૮ તા.:૨૧.૦૯.૨૦૦૬** ની **અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ** ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળેલ નથી. જેથી સદરહું મિલકત બાબત યા ગુમ થયેલ અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ બાબત કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે દર-દાવો હોય યા કોઈના કબજા-ભોગવટામાં હોય, તો **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી, મુદ્દત વીત્યે કોઈનો હકક, હીત, હીસ્સો વિગેરે નથી યા જતા કરેલા છે એમ માની અમારા અસીલ બેંક સદરહું મિલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહું મિલકત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ, કોઈની કોઈ પણ જાતની તરતકરાર ચાલશે નહી. જેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૧, સત્યમ કોમ્પ્લેક્ષ,
મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા,
સુરત-૧, ગુજરાત મો.૮૪૬૯૫ ૧૬૦૦૯

નિશીથ કે. સુખડવાલા
એડવોકેટ

ટાઈટલ અંગેની જાહેર નોટીશ

ડિસ્ટ્રીકટ નવસારીના તાલુકા જલાલપોરના મોજેઃ ગામ આસણાના રે. બ્લોક નંબર જુનો ૨૫૨, નવો બ્લોક નં. ૨૬૯ હે.આરે.ચો.મી. ૧-૧૫-૬૦ ખાતા નં. ૫૫૩ વાળી ખેડખાતાની જમીન હાફેજી હનીફ મહમુદનાઓની માલીકી કબજા ભોગવટાની હોવાનું જણાવી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે સબબ આ નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે સદર જમીન અંગે કોઈના કોઈપણ જાતના હકક, હિત, અધિકાર કબજા હોય બોજા લેણી રકમના લખાણ અથવા કોઈપણ પ્રકારના સાટાખત, બાનાખત અથવા વેચાણ સ્વરૂપના કોઈ લખાણ ગીરોખત ગણોત હકક હોય તો તેમણે આજદીનથી દિન-૧૦ માં પોતે જે દસ્તાવેજી પુરાવા પર આધાર રાખતા હોય તે પુરાવા સહીત નીચે જણાવેલ સરનામે રૂબરૂમાં હાજર રહી પુરાવા સહીત વાંધા, વિરોધ આપવા અન્યથા ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-વિરોધ નથી એમ આપી કાયદેસર રીતે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

મારી મારફતે,

તારીખઃ ૧૪-૦૯-૨૦૨૬
દિલીપ બી. પાટીલ (એડવોકેટ)
૬, પરિસિમા એપાર્ટમેન્ટ, કોર્ટની સામે, જુનાથાણા, નવસારી. મો.: 98250 85156

વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીન તેના માલિકો તથા કબજેદારો (૧) શંભુભાઈ અરજણભાઈ ધામેલીયા, રહે. ૧૨૯, નિરમલ નગર સોસાયટી, સરથાણા, જકાતનાકા સામે, સુરત. (૨) ઘનશ્યામભાઈ અરજણભાઈ ધામેલીયા, રહે. ડી-૧૧/૬૦૩, સંસ્કૃતિ-૨, પુનમ વિહાર કોમ્પલેક્ષ, મીરા ભાયંદર, મીરા રોડ, થાણે, મહારાષ્ટ્રનાઓએ તેમની સ્વતંત્ર અને સંપુર્ણ માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ વ્યવસ્થા હેઠળની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કર્યુ છે, તથા વેચાણ અવેજ પેટે કેટલીક રકમ સ્વીકારી છે, તથા હમારા અસીલ ટુંક સમયમાં પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી, સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો મેળવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે.

: મિલ્કતનું વર્ણન :

ભરૂચ ડીસ્ટીકટ, તાલુકો ઝગડિયાના, મોજે : સ.ફીચવાડા ખાતે આવેલી બ્લોક/સર્વે નં. ૫૪૭ થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન, જેનું જરાયતનું ક્ષેત્રફળ હે ૨-આરે ૦૯-ચો.મી. ૦૦ યાને ૨૦૯૦૦ ચો.મી. છે. જેનો આકાર ૯ રૂા. ૦૧ પૈસા છે. તથા જે જમીન ખાતા નં. ૩૯૧ થી નોંધાયેલ છે. તે ખેતીની જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની જમીન.

સબબ, આથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર મિલ્કત ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હકક હીત લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટસ હોય તો તે અંગેના લેખીત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું ગણીને સદરહુ મિલ્કતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી પ્રત્યક્ષ કબજો હમારા અસીલ મેળવી લેશે. ત્યારબાદ કોઈની કોઈ પણ જાતની તર-તકરાર ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૧૫/૦૯/૨૦૨૬

ચંદ્રસિંહ આઈ. વાંસિયા તથા રાહુલ આર.પરમાર
એડવોકેટ એન્ડ નોટરી તે ખરીદનારના એડવોકેટસ
ઓફીસ નં. ૨૧૯, જલ દર્શન ટાવર, બહુમાળી મકાન પાસે, નાનપુરા, સુરત. મો.૯૮૨૫૦૯૧૨૧૯, ૯૬૬૨૫૪૬૪૮૮

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ ડિસ્ટ્રીકટના મોજે ભેસ્તાનના રેવન્યુ સર્વે નંબર - ૧૨૦-બ, સીટી સર્વે વોર્ડ ભેસ્તાનના સીટી સર્વે નંબર ૧૪૮૯થી નોંધાયેલી જમીનમાં પાડવામાં આવેલાં પ્લોટો પૈકી પ્લોટ નંબર - ૮૬ ની સુમારે ૧૪૨.૧૫ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીન તથા તેને લાગુ કોમન રોડ રસ્તાની જગ્યાનું ક્ષેત્રફળ ૩૪.૮૫ સમ ચોરસ મીટર છે તે મળી કુલ ક્ષેત્રફળ ૧૭૭ સમ ચોરસ મીટરની મિલકત મેહુલ પ્રફુલ વાયલાની માલિકીની ચાલી આવેલ છે અને તેઓ પાસેથી મજકુર જમીન સંજય ગયાપ્રસાદ વર્મા ખરીદવા માંગતા હોવાથી અને તે અંગે મજકૂર મિલકત ઉપર ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાંથી લોન મેળવવા માંગતા હોવાથી તેના ટાઈટલ રીપોર્ટની માંગણી અમો પાસે કરવામાં આવેલ છે પરંતુ નીચે જણાવેલ વિગત ના અસલ દસ્તાવેજો ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાય છે.

અનુક્રમ નંબર	વિગત
૧.	ગૌરાંગકુમાર પ્રમોદચંદ ઉપાધ્યાયની તરફેણમાં થયેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર - ૯૮૮૫ થી તારીખ ૨૬-૦૭-૧૯૯૦ ના રોજ નોંધાયેલ તે અસલ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી.
૨.	રોનક યોગેશકુમાર દેસાઈ તરફેણમાં થયેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર - ૧૧૭૪૯ થી તારીખ ૧૯-૧૧-૧૯૯૧ ના રોજ નોંધાયેલ તે અસલ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી.

જેથી ઉપર મુજબના અસલ દસ્તાવેજો જે કોઈના કબજામાં હોય તો તેઓએ તેની ખાત્રી તે અંગેના લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે સહી કરનારને કરાવવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહિ કે ખાત્રી કરાવી આપવામાં આવશે નહી તો હરકોઈનો મજકૂર મિલકતમાં કોઈપણ પ્રકારનો હકક હિત હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહિ હોવાનું અને હોય તો તે છોડી દીધા હોવાનું ગણી સદરહુ મિલકતનો ટાઈટલ રિપોર્ટ આપવામાં આવશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી. તારીખ:૧૫-૦૯-૨૦૨૬

જયવદન બી. જરીવાલા એડવોકેટ
ઓફિસ : જરીવાલા એસોસીએટ, ૨૨૦, મલ્ટીસ્ટોરીયેડ બિલ્ડીંગ,
સીંગાપુરી વાડી, રૂસ્તમપુરા, સુરત. મો.ન. :-૯૮૨૫૧-૪૬૦૯૦

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

નીચે પરિશિષ્ટમાં જણાવેલી ખેતીની જમીનો તેના માલિકો (૧) ઠાકોરભાઇ સોમાભાઇ (૨) પિયુષકુમાર ઠાકોરભાઇ તથા (૩) દિપકકુમાર ઠાકોરભાઇનાઓએ તેઓની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી મારા અસીલને તમામ બોજારહિત તથા તમામ ક્લિયર અને માર્કેટેબલ ટાઈટલથી વેચાણ આપવા નક્કી કરેલ છે. તેથી સદર જમીનોમાં જે કોઈ વ્યક્તિ યા સંસ્થાનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દરદાવો, સાટાખતના યા બીજા કોઈ રીતના હક્ક હોય તેણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન - ૭ માં પુરાવા સહિત મને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈ પણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, લાગભાગ, દરદાવો, સાટાખતના કે બીજી કોઈ રીતનો હક્ક નથી અને હોય તો તે છોડી દીધા છે તેમ ગણી મારા અસીલ વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. તે બાદ કોઈની તર - તકરાર ધ્યાને લેવાશે નહીં તેની નોંધ લેવી.

// પરિશિષ્ટ //

જિ. સુરત, તા. ચોર્યાસીના મોજે ગામ : ખરવાસાની નીચે જણાવેલી વિગત અને વર્ણનવાળી ખેતીની જમીનો, જેનો ટી. પી. સ્કીમ નં. ૫૭ (ખરવાસા-એકલેરા) માં સમાવેશ થતા નીચે જણાવેલી વિગતના ફાઇનલ પ્લોટો ફાળવવામાં આવેલ છે તે જમીનો.

બ્લોક નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)	ફાઇનલ પ્લોટ નંબર	ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ (ચો.મી.)
૧૯૫	૦-૫૦-૫૯	૫૧	૩૦૩૫-૦૦
૧૯૬	૦-૧૨-૧૪	૫૨	૭૨૮-૦૦
૧૯૭	૦-૦૬-૦૭	૫૩	૩૬૪-૦૦
૧૯૮	૦-૦૬-૦૭	૫૪	૩૬૪-૦૦

અલકેશ ગાંધી તે ખરીદનારના એડવોકેટ
ઠે. ૭૯, ગાંધી હાઉસ, નર્મદનગર, આદર્શ ભવનની પાસે, સુરત ટેનીસ કલબની ગલીમાં, અઠવાલાઇન્સ, સુરત. મો. નં. ૯૩૭૪૭ ૧૩૧૪૨

इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

સચીન શાખાઃ રાધીકા કોમ્પલેક્ષ,
સ્ટેશન રોડ, એલડી હાઈસ્કૂલ સામે,
રાજ નગર, સચીન, સુરત.

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૦ ના ૫૪) ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંકના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ ને સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ કરજદાર/ મોર્ગેજર **શ્રી સુરેશચંદ્ર શંભુભાઈ રબારી (કરજદાર અને મોર્ગજર) અને શ્રીમતિ કૈલાસ સુરેશચંદ્ર રબારી (કરજદાર અને મોર્ગેજર)**ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૧૮,૦૩,૪૮૧/- (રૂપિયા અઢાર લાખ ત્રણ હજાર ચારસો એકયાસી પુરા) ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિત સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોક્ત એકટના સેકશન ૧૩ ના સબ સેકશન (૪)ના સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)૨૦૦૨ ના રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો કબજો તારીખ ૧૦/૦૯/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદારો તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેન્કના બાકી પડતી રકમ રૂા.૧૮,૦૩,૪૮૧/-(રૂપિયા અઢાર લાખ ત્રણ હજાર ચારસો એકયાસી પુરા) જે તા.૦૯/૦૩/૨૦૨૬ ના રાજેની બાકી ઉપરાંત ભવિષ્યનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલ્કત ફલેટ નં. સી-૧૦૬, ''વિનાયક એન્કલેવ'' પહેલો માળ, બિલ્ડીંગનં. સી, જેના સુપર બિલ્ટપ વિસ્તારનું ૮૯૭.૦૦ ચો.ફૂટ એટલે કે ૮૩.૩૩ ચો.મીટર્સ. અને બિલ્ટપ વિસ્તારનું માપ ૫૬૬.૦૦ ચો.ફૂટ એટલે કે ૫૨.૫૮ ચો.મીટર્સ. જેમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત જમીનનુ માપ ૨૬.૦૭ ચો.મીટર્સ. જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૭૩ અને ૮૧, બ્લોક નં. ૧૨૩, માપ ૪૮૮૬૬.૦૦ ચો.મીટર્સ. ટી.પી. સ્કીમ નં. ૬૯ (ગોદાડરા-ડિંડોલી), ફાઈનલ પ્લોટ નં. ૧૧૧, માપ ૩૧૭૬૩.૦૦ ચો.મીટર્સ. પૈકી સબ પ્લોટ ૩, માપ ૫૮૫૪ ચો.મીટર્સ. એસએમસી દ્વારા મંજુર કરાયેલ સબ ડિવિઝન પ્લાન મુજબ જે ગામ: ડિંડોલી, સબ જિલ્લા તાલુકોઃ ઉધના, જિલ્લોઃ સુરત. ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ ફલેટનં સી-૧૦૩, દક્ષિણેઃ જોડાયેલ ફલેટનં સી-૧૦૫, પૂર્વેઃ જોડાયેલ દાદર પેસેજ, અને ફલેટનં. સી-૧૦૭ પશ્ચિમેઃ જોડાયેલ રોડ માર્જીન જમીન.

તારીખ : ૧૦/૦૯/૨૦૨૬
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક, સચીન શાખા, સુરત.

જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ નવસારીના સબ-ડીસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામ : ઊભરાટ ના એકત્ર થતા નવા બ્લોક નં.૬૦૩ થી નોંધાયેલી ૭૦૪૦૯-૦૦ ચો.મીટર ક્ષેતફળ વાળી બિનખેતીની જમીનમાં પ્લોટો પાડવામાં આવેલા કે જે ''રીલેક્ષ ફાર્મ'' તરીકે ઓળખાય છે. તેમાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૧૨૬ થી નોંધાયેલ ૧૬૭.૧૭ ચોરસ મીટર યાને ૨૦૦.૦૦ ચો.વાર ક્ષેત્રફળ વાળી ખુલ્લા પ્લોટ વાળી જમીન (કે જેનો ગામ દફતરે નમુના નં. ૭/૧૨ માં જુનો બ્લોક નં.૬૦૩/પૈકી પ્લોટ નં.૧૨૬, રી સર્વે બાદ નવો બ્લોક નં.૧૯૯૭ છે તે જમીન) તથા આંતરીક રોડ-રસ્તા, સી.ઓ.પી. વિગેરેની ફકત સહીયારા વપરાશની જમીનમાં ફાળે પડતા પ્રમાણસરના અવિભાજય હિસ્સાની જમીનમાં ફકત વપરાશની હકક સહીત અને તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક-હિસ્સા સહીત દરોબસ્ત મિલકત તશરીફવાળા ફાતેમા સૈફુદ્દીન નાએ પોતાની સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. પરંતુ સદરહુ મિલકતનો તેઓની તરફેણમાં થયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર : ૫૨૧૬, તા.૦૧/૦૯/૨૦૧૪ ની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ તથા તેમના અગ્રહકકધારી માલીક હિતેષકુમાર હસમુખલાલ લાલનની તરફેણમાં થયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૯૬૪, તા.૦૩/૦૮/૨૦૧૧ ની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. જેથી સદર મિલકતના ટાઇટલ સંદર્ભે કોઇ પણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, કે જામીનગીરી હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં હમોને નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી. અને જો તેમ કરવામાં કસુર યા ઢીલ થયેથી સદરહું મિલકતમાં કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, બોજો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને વેવ કર્યો છે તેમ માની આ નોટીસની મુદત વિત્યે મારા અસીલ વેચાણને લગતાં પાકા લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી. તેની તમામ લાગતા-વળગતાઓએ નોંધ લેવી. તા. ૧૫/૦૯/૨૦૨૬

ઓફીસ : ૨૦૫-૨૦૬, સાંઇ વિટોરીયો,
એટલાન્ટા શોપીંગની સામે, અલથાણ કેનાલ રોડ,
અલથાણ, સુરત. મો.૯૮૨૫૩ ૯૮૦૯૬

હેમંત એન. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ - ડીસ્ટ્રીકટ તાલુકા પલસાણાના **મોજે ગામ-ચલથાણ**ના રેવન્ય દફતરે નોંધાયેલી ખેતી સીવાયની **બ્લોક નં. ૭** પૈકી માંની **''વિવેકાનંદ કોમ્પ્લેક્ષ''** નાં નામે ઓળખાતી બીલ્ડીગ નંબર-બી નાં ગ્રાઉન્ડ ફલોરના ઉપરનાં ભાગની એફ.એસ.આઇ.પર પહેલા માળે આવેલ **દુકાન નંબર : બી-૧૨** વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ લંબાઇ ૪૧.૦૦ ફુટ તથા પહોળાઇ ૧૦.૭૫ ફુટ થાય છે. જેનું કુલ ક્ષેત્રફળ ૪૪૦.૭૫ ચો.ફુટ યાને ૪૦.૯૬ ચો.મી. જેનું બિલ્ટઅપ એરીયા મુજબ ક્ષેત્રફળઃ ૪૯.૧૫ ચો.મી. થાય છે તે મિલકત જે મીલકત કડોદરા નગરપાલિકા દફતરે મિલકત નં. ૨૩૩૬ (જુનો નં.૧૮૯૮) થી નોંધાયેલ છે તે મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની કુલ્લે દરોબસ્ત તેના માલીક તેજશકુમાર દિનેશભાઇ દેસાઇએ એ પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની તથા ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ મિલકતમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઇ કે કોઇ પ્રકારનો હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭(સાત)** માં અમોને પુરવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલકતમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઇનો કોઇ પણ પ્રકારનો હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ પાકા લખાણો / દસ્તાવેજો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ તકરાર કે દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી. તા. ૧૪/૦૯/૨૦૨૬

ઓફીસ : ૧૩/૧૪/૨૮/૨૯, વલ્લભ કોમ્પલેક્ષ,
કડોદરા ચાર રસ્તા, કડોદરા, તા.પલસાણા,
જી.સુરત મો.૯૮૨૪૭ ૬૫૩૮૬

નિમેષ એસ. નાયક
વિવેક ડી. નાયક
તે ખરીદનારના એડવોકેટ્સ

વેચાણ અંગેની જાહેર નોટિસનો જાહેર જવાબ/જાહેર ચેતવણી

મોજે અણીયાદરા, જુનો બ્લોક/સર્વે નં. ૩૧, નવો બ્લોક/સર્વે નં. ૫૮ વાળી ખેતીની જમીન અંગે ગુજરામિત્ર તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ એડવોકેટ ભાવિક ડી. પટેલ મારફત તેઓના અસીલના ખરીદ વેચાણના કામે પ્રસિધ્ધ થયેલ જાહેર નોટિસના જવાબે લાગતા-વળગતા તમામ જાહેર જનતા તથા ખરીદનાર પક્ષકારને અમારા અસીલશ્રી ઘેલાભાઈ રેવાભાઈ જોગરાણાની સૂચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર જવાબ તથા જાહેર ચેતવણી આપ જણાવીએ છીએ કે : ડિસ્ટ્રીકટ ભરૂચ, સબ-ડિસ્ટ્રીકટ તાલુકા હાંસોટના મોજે અણીયાદરા ગામ આવેલ જુની શરતની ખેતીની જમીન જેનો ખાતા નં.૩૫૯, જુનો બ્લોક/સર્વે નંબર : ૩૧, નવો બ્લોક/સર્વે નંબર : ૫૮, જેનું ક્ષેત્રફળ હે.ઓ. ૧-૫૫-૯૯ ચો.મી. તથા આકાર રૂા. ૧૪.૪૫ પૈસા વાળી જમીન કે જે સદરહુ જમીનના મૂળ માલિક શ્રી અલ્પેશભાઈ રણછોડભાઈ પટેલનાઓએ આ જમીન હમોના અસીલને વેચાણ સાથે બાનાખત કરીને અવેજ સ્વીકારેલ છે અને હમોના અસીલ દ્વારા તમોના અસીલ દ્વારા સ્વીકાર કરવામાં આવે છે જે સદર બાનાખત મુજબ નકકી કરેલ શરતો અન્વયે બાકી રકમ ચુકવીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેવાનો પ્રથમ કાનૂની હકક, હિત અને દાવો અમારા અસીલનો ઉપસ્થિત રહે છે. આથી, મૂળ માલિક શ્રી અલ્પેશભાઈ રણછોડભાઈ પટેલ સાથે અન્ય કોઈપણ ઈસમ કે ખરીદનારે ઉપરોકત જમીન અંગે કોઈપણ જાતનો સોદો, સાટાખત, નાણાંકીય લેવડ-દેવડ કે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવો નહીં. જો કોઈ વ્યકિત આવો વ્યવહાર કરશે તો તે ગેરકાયદેસર, રદબાતલ અન અમારા અસીલના કાયદેસરના હકક-હિત વિરૂધ્ધનો ગણાશે તેમજ તે બંધનકર્તા રહેશે નહીં, અને તેવા વ્યવહારથી થતા તમામ નકસાનની જવાબદારી જે-તે પક્ષકારોની રહેશે. અમારા અસીલ સદર જમીનનો રજીસ્ટર્ડ દસ્તાવેજ પોતાના હકકમાં કરાવી લેવા માટે તમામ કાનૂની કાર્યવાહી કરવા હકકદાર છે. જેની જાહેર જનતા તથા સંબંધિત ખરીદનાર અને તેમના એડવોકટશ્રીએ ગંભીર નોંધ લેવી. તારીખ : ૧૪-૦૯-૨૦૨૬

સી-૨૦૬, આપેરા ફલેટ,
ઉમરીગર સ્કુલ પાસે, ઉમરા-પારલે
પોઈન્ટ, સુરત.- ૩૯૫૦૦૭ મો.૯૫૭૪૧ ૯૬૯૭૭

અમારા અસીલની સૂચના અને ફરમાઈશ અન્વયે,
રાહુલકુમાર એમ. સાવન
(એડવોકેટ) ગુજરાત હાઈકોર્ટ

ડી.નવસારી, તા. જલાલપોર, ગામ-મોગબ, સર્વે/ બ્લોક નંબર:૧૨૫ વાળી બીનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકો જલાલપોર, મોજે ગામઃ મગોબના સર્વે / બ્લોક નંબરઃ ૧૨૫, જુનો સર્વે / બ્લોક નંબરઃ ૧૦૭ થી નોંધાયેલ સુમારે ૬૫૪૬.૦૦ ચો.મી. ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન કે જે હવે નવસારી સીટી સર્વેના દફતરે વોર્ડ મગોબ(બીનખેતી)નાં સીટી નંબરઃ NA૯૯, સીટી સેર્વ નંબરઃ NA૧૨૫ થી નોંધાયેલ છે તે બીનખેતીની જમીન ૧) રતિલાલ નરસિંહભાઈ પટેલ, ૨) અમ્રતભાઈ નરસિંહભાઈ પટેલ, ૩) ગણપતભાઈ નરસિંહભાઈ પટેલ, ૪) શાંતિબેન નરસિંહભાઈ પટેલ, ૫) નયનાબેન મનુભાઈ પટેલની પુત્રી તે કાંતિભાઈ પટેલની પત્ની, ૬) મહેન્દ્રભાઈ મનુભાઈ પટેલ તથા ૭) શશીકાંતભાઈ મનુભાઈ પટેલનાઓની સંયુક્ત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની તથા ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર હોઇ કે કોઇનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક હોય કે કોઇ પણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયુટનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૫(પાંચ) માં અમોને કાયદામાં ગ્રાહય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવુ, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર નથી કે કોઇનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક નથી કે કોઇ પણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયુટનો બોજો નથી અને હોય તો તે તમામ જતા કર્યા છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ પ્રકારની તકરાર કે દાવો ચાલશે નહી, અને અમારા અસીલ વેચાણ વહેવાર પુર્ણ કરી કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, જેની લાગતા વળગતાએ નોંધ લેવી. તા. ૧૫/૦૯/૨૦૨૬

આફ્રીકાવાળા & એસોસીએટ્સ વતી

અલ્પેશ જે. આફ્રીકાવાળા ચાર્મી જે. આફ્રીકાવાળા
એડવોકેટ્સ
ઓફીસ : ૧૦૦૧, વેલેન્ટીના બીઝનેસ હબ, સેલ પેટ્રોલ પંપ પાસે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. મો.નં. ૯૮૨૪૧ ૭૨૮૩૬

મોજે પાલના સર્વે નં. ૪૭૯, ૪૮૨ જેનો બ્લોક નં. ૪૪૭ અ તથા બ્લોક નં. ૪૪૭ બ જેનો ટી.પી. સ્કીમ નં. ૧૬(પાલ) જેનો એફ.પી. અનુક્રમ નં. ૩૧-૩૨ પૈકી વાળી જમીન ઉપર આયોજીત પલાસ પલાડીયા તથા નિષાલ શોપિંગ સેન્ટર વાળી કોમર્શિયલ બિલ્ડીંગ તથા મોજે પાલના સર્વે નં. ૧૦૦ જેનો બ્લોક નં. ૯૫ વાળી જમીન તથા મોજે ભાઠાના બ્લોક નં. ૫૬૫/બ વાળી જમીન અંગે જાહેર ચેતવણી

ડિસ્ટ્રીકટ સુરતના, તા. અડાજણના મોજે ગામ પાલમાં સર્વે નં. ૧૦૦ બ્લોક નં. ૯૫ જેનું ક્ષેત્રફળ ૦-૯૬-૧૧ ચો.મી. તથા સર્વે નં. ૪૭૯, ૪૮૨ જેનો બ્લોક નં. ૪૪૭/અ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦-૨૫-૨૯ ચો.મી. તથા સર્વે નં. ૪૭૯, ૪૮૨ જેનો બ્લોક નં. ૪૪૭/બ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦-૨૫-૨૯ ચો.મી. તથા મોજે ગામ ભાઠાના રે.સ.નં.૬ બ્લોક નં. ૫૬૫/બ જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૨૦-૩૯ ચો.મી.વાળી જમીનોમાં મેમુનાબીબીને બદલે ફાતમાખાતુન તથા ઝુબેદાખાતુનનું ખોટું નામ પેઢીનામામાં દર્શાવી તમામ જમીનોમાં મેમુનાબીબીનો હકક હિસ્સો પચાવી પાડવાના ગુનાહિત ઈરાદે અલગ અલગ જમીનોમાં ખોટા ખોટા નામ દર્શાવી ખોટી વારસાઈ કરી મસમોટું કોભાંડ કરેલ છે વધુમાં સદર જમીનોમાં હમારા અસીલ મેમુનાબીબી તે હામેદખાનની પુત્રી તથા વજીર શેખની પત્નિ તથા તેઓના પુત્ર ગુલામ વાહીદ વજીર શેખ, રહે. ભંડારીવાડ, સૈયદપુરા, સુરતનાઓનો હકક હિસ્સો ચાલી આવેલ છે. સદર જમીનમાં હમારા અસીલનો કાયદેસરનો હકક હીસ્સો પચાવી પાડવા ગુનાહીત ઈરાદે (૧) આમદખાન હામેદખાન પઠાણ (૨) જાફરખાન હામેદખાં (૩) પીરખાન હામેદખાનાઓ (૪) મોહસીન આમદખાન પઠાણ તથા અફઝલખાન યુસુફખાન પઠાણ, સોયેબખાન યુસુફખાન પઠાણ, જાવેદખાન યુસુફખાન પઠાણ તથા, રેહાનાબાનું યુસુફખાનનાઓ તેમજ સદર મિલકતના વર્તમાન/ભવિષ્યના ખરીદનાર, વેચનાર, હસ્તાંતરગ્રાહી તથા અન્ય તમામ ત્રાહિત ઈસમોને આથી જાણ કરીએ છીએ કે મોજે ગામ પાલ, તા. અડાજણ, જી. સુરત સર્વે નં. ૧૦૦, બ્લોક નં. ૯૫, ક્ષેત્રફળ ૦-૯૬-૧૧ ચો.મી. વાળી મિલકત અંગે મેમુનાબીબીના હકક અને નામને દુર કરી ખોટી ઓળખ તથા દસ્તાવેજોના આધારે કરવામાં આવેલ કથિત વ્યવહારો અંગે હમારા અસીલનો કાયદેસર વાંધો છે. વધુમાં સને ૧૯૮૪ સાલની ખોટી એન્ટ્રી/ દસ્તાવેજોથી શરૂ કરી વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના સંમતિનામા, એફીડેવિટ તથા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૩૭૦૬/૨૦૦૫, ૩૭૦૮/૨૦૦૫ તથા ૩૭૦૯/૨૦૦૫ સહિતના વ્યવહારો અંગે હમારા અસીલે ફોજદારી કાર્યવાહી કરેલ છે. જે ફોજદારી કાર્યવાહીની કાયદસરની કાર્યવાહી/તપાસ ચાલુ છે. વધુમાં સદર જમીન પૈકી મોજે ભાઠાના બ્લોક નં. ૫૬૫/બ વાળી જમીન તથા મોજે પાલના બ્લોક નં. ૪૪૭/અ તથા ૪૪૭/બ વાળી જમીનો હમારા અસીલની સહિ સંમતિ વિના ગેરકાયદેસર રીતે વેચાણ પણ કરી દીધેલ છે. જે અંગે પણ હમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરનાર છે તેમજ સદર વ્યવહારમાં ખોટી વ્યકિતની ઓળખ આપનાર, ખોટું એફીડેવીટ તૈયાર કરનાર સહિત સંડોવાયેલા અન્ય વ્યકિતઓ વિરૂધ્ધ પણ જરૂરી કાર્યવાહી ચાલુ છે. અને સદરહુ જમીનોમાં હમારા અસીલનો કાયદેસરનો હકક હિસ્સો ચાલી આવેલ છે. સદરહુ જમીનો અંગે હમારા અસીલે કાયદેસરના ફોજદારી પ્રકરણો કરેલ છે તેમજ દીવાની પ્રકરણો કરનાર છે. તેથી આ નોટીસ દ્વારા સ્પષ્ટ જાણ કરવામાં આવે છે કે હમારા અસીલની જાણ તથા લેખિત સંમતિ વિના સદર જમીનો અથવા તેના કોઈપણ ભાગ અંગે વેચાણ, ખરીદી, બાનાખત, હસ્તાંતરણ, ગીરો, ભેટ, પાવર ઓફ એટર્ની, કબજો આપવા કે અન્ય કોઈપણ રીતે કે ત્રાહિત ઈસમનો હકક, હિત કે બોજો ઉભો કરતો વ્યવહાર કરશો નહી. આ નોટીસની અવગણના કરી કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તેની સંપુર્ણ કાયદેસરની જવાબદારી સંબંધિત વ્યકિતની રહેશે અને વ્યવહાર કરનાર કરાવનાર વિરૂધ્ધ હમારા અસીલ દિવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરનાર છે. જેની ગંભીર નોંધ લેવી.

ઓફિસ :- એ/૫૦૪, "તીરૂપતી પ્લાઝા",
જુની બહુમાળીની બાજુમાં અઠવાગેટ,
સુરત. મોબાઈલ : ૯૮૨૫૮૯૨૯૧૯

મુકેશ એસ. પટેલ તે
મેમુનાબીબી તે હામેદખાનની પુત્રી
તથા વજીર શેખની પત્નિ તથા
ગુલામ વાહીદ વજીર શેખના એડવોકેટ